**<u>નામ:</u>** સીએ રવિ રમેશચંદ્ર ખીમાણી

**<u>જન્મ તારીખ:</u>** ૧૦/૦૬/૧૯૯૨

**<u>પિતાનું નામ:</u>** રમેશચંદ્ર નાનજીભાઈ ખીમાણી

**<u>માતાનું નામ:</u>** સ્વ. રેખાબેન રમેશચંદ્ર ખીમાણી

**<u>બહેનનું નામ:</u>** પારુલ સંજય ચભાડીયા

**<u>પત્નીનું નામ:</u>** ડો. ભારતી રવિ ખીમાણી

**<u>ગામ:</u>** ભાવનગર (હાલ અમદાવાદ)

**<u>મોબાઈલ નંબર :</u>** ૯૧૭૩૮ ૩૯૭૯૮, ૭૮૭૮૭ ૩૯૭૯૮



---

**"મહેનત ઈતની ખામોશી સે કરો કી કામયાબી શોર મચા દે"**

હાલમાં જ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પરિણામ જાહેર થયું, તેમાં ભાવનગર (મૂળ ભુંભલી) ગામના વતની અને હાલ અમદાવાદમાં સ્થાયી થયેલા આપણી જ્ઞાતિના ખુબજ ઓજસ્વી, મહેનતું અને ખંતીલા યુવાન એવા શ્રી રવિ રમેશચંદ્ર ખીમાણી એ ઉપરના વાક્યને ખુબજ યોગ્ય સાબિત કર્યું છે.

ધોરણ-૧૨ સુધી સીએ શું કહેવાય એ પણ ખબર નહોતી એ યુવાને આજે સીએ ની પરીક્ષા પાસ કરી સમસ્ત ખરક સમાજ માં પોતાના નામ નો ડંકો વગાડી દીધો છે, લગભગ ધોરણ-૧૨ થી જ સીએ બનવાનું સપનું જોનાર અને વર્ષ ૨૦૦૯ થી સીએ ની ખુબજ કઠિન ગણાતી એવી પરીક્ષાની તૈયારી શરૂ કરી સતત ને સતત મહેનત કરનાર એવા રવિભાઇ ૧૪ વર્ષ કરતા પણ વધુ સમયથી આ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા એ ખુબ જૂજ લોકોને જ ખબર હતી અને એટલે તેઓ ખુબજ સુંદર રીતે ઉપરની કહેવતને સાર્થક કરે છે.

પોતાની ખુબજ કઠિન મહેનત વડે સીએ ની પરીક્ષા પાસ કરનાર આ યુવાન પોતાની સફળતાનો પુરેપુરો શ્રેય પોતાના માતા-પિતાને આપે છે. નાનપણથી ખુબ જ સંઘર્ષમય જીવનશૈલી હોવાથી મહેનત કરીને કેમ સફળ થવું એ તેઓ સારી રીતે જાણતા હતા અને એનું કારણ એટલું જ કે પોતાના માતા-પિતાના સંઘર્ષમાં પોતે પણ હંમેશા જોડાઇને મદદરૂપ થતા હતા.

સૌપ્રથમ તો પોતાના કુટુંબના સંઘર્ષ વિષે વાત કરતા તેઓ જણાવે છે, કે તેમના પિતા શ્રી રમેશચંદ્ર નાનજીભાઈ ખીમાણી જયારે ફક્ત દસ વર્ષના હતા ત્યારેજ તેમના પિતા શ્રી નાનજીભાઈ દેવજીભાઈ ખીમાણીનું અવસાન થઇ ગયેલ અને ઘરની તમામ જવાબદારી એમના પર આવી ગયેલ, વધુમાં તેઓ જણાવે છે કે એમના પિતા શ્રી રમેશચંદ્ર ભાવનગરમાં એક સામાન્ય ચા ની હોટલ ચલાવતા હતા, આ સમયમાં તેઓ ખુબજ સંઘર્ષમય જીવન ભાવનગરમાં વ્યતિત કરતા હતા અને રવિભાઈ ભણતરની જોડે જોડે ખુબ જ ધગશથી તેમના પિતાજીને આ હોટલના કાર્યમાં ધોરણ-૧૨ સુધી રેગ્યુલર ધોરણે મદદ કરતા હતા.

પોતાના માતા વિષે જણાવતા તેઓ કહે છે કે માતાશ્રી રેખાબેન રમેશચંદ્ર ખીમાણી ખુબજ દયાળુ અને શાંત સ્વભાવના હતા અને હર હંમેશ બધાને મદદ કરવામાં મશગુલ રહેતા. ભાવનગરમાં રહેતા હોવાથી ઘણાબધા સગાસંબંધીઓ હોસ્પિટલના કામથી આવ્યા હોઈ અને હોસ્પિટલમાં રોકાણ થાયતો તેમને હંમેશા ટિફિન બનાવી આપીને મદદરૂપ થતા. વર્ષ-૨૦૧૭ માં માતાનું અવસાન થયું ત્યારે રવિભાઈની ઉમર માત્ર ૨૪ વર્ષની જ હતી. માતાના આવા સ્વભાવને હંમેશા યાદ કરતા અને મિસ કરતા, જયારે સીએ નું પરિણામ આવ્યું

ત્યારે એમને યાદ કરીને ખુબ રડયા હતા, પોતાના પિતાને બાથ ભરીને પણ ખુબ રડયા હતા કારણકે પોતાના માતા-પિતાએ કરેલા સંઘર્ષ વિષે રવિભાઇ બહુ સારી રીતે સમજે છે. રવિભાઈની આ સફળતા જોવા માટે એમના માતા અત્યારે હયાત નથી પણ ઉપરથી ક્યાંકથી કોઈને કોઈ રીતે તેમના આશીર્વાદ હંમેશા રવિભાઈને મળતા રહ્યા છે.

રવિભાઈ પોતાની સફળતાનો શ્રેય ફક્ત મહેનતને જ નથી આપતા, મહેનતની સાથે સાથે તેઓ કહે છે કે ઘરના મોટા ભાગના સભ્યોએ કંઈક ને કંઈક કુરબાની આપી છે. તેઓ કહે છે કે તેમના બહેન પારુલબેને પણ રવિભાઈ માટે ઘણું બધું જતું કર્યું છે. રવિભાઈને કંઈપણ વસ્તુમાં ઓછું ના પડે એ માટે તેમના બહેને ઘણું બધું કોમ્પ્રોમાઈસ કર્યું છે. પારુલબેનનો એમસીએ નો અભ્યાસ પૂર્ણ થયા બાદ રવિભાઈ સાથે અમદાવાદ રહેવા આવી ગયા અને રવિભાઈ અભ્યાસમાં ખાસ ધ્યાન આપી શકે એ માટે તે ઓફિસમાં જોબ કરતા હતા. તેઓ જોબની સાથે સાથે ઘરનું સંપૂર્ણ કામ પણ કરતા અને રવિભાઈને હંમેશા મોટીવેટ કરતા રહેતા. રવિભાઈ માટે ખરેખર એમના બહેન **"એક હજારો મે મેરી બહેના હૈ"** ને સાર્થક બનાવતા હોય એવું લાગે છે.

માતા-પિતાના સંઘર્ષની વાતો કરતા કરતા તેઓ પોતાએ કરેલા સંઘર્ષોને પણ યાદ કરીને જણાવે છે કે પોતાનું બાળપણ ખુબજ સંઘર્ષમય રીતે વિતાવ્યું છે. વર્ષ ૧૯૯૫ થી લઈને ધોરણ-૧૨ કોમર્સ સુધીનો તમામ અભ્યાસ ભાવનગરની ખુબજ પ્રખ્યાત શાળા દક્ષિણામૂર્તિ માંથી કર્યો છે. પોતાની મહેનતને યાદ કરતા પહેલા તેઓ પોતાના પિતાની મહેનતને યાદ કરે છે. ખુબજ આકરી મહેનત કરતા હોવા છતાં તેઓ રવિભાઈને અને તેમની બહેનને અભ્યાસનું મહત્વ સમજાવતા. એક સમય એવો આવ્યો કે પૈસાની અછતને પહોંચી વળવા માટે જમીન પણ વહેંચવી પડી હતી. આ પરિસ્થિતિમાં પણ પિતાશ્રી એ બંને ભાઈ બહેનને અભ્યાસ કરાવા માટે જરા પણ હિંમત હારી નથી અને હંમેશા બંને ભાઈ બહેનને મુશ્કેલીનો સામનો કરવાની હિંમત આપી છે. અને એ માટે જ રવિભાઈ ખુબ નાનપણથી મહેનત શું છે અને મહેનત કરવાથી પરિણામ હંમેશા સારા જ આવે છે એ જાણતા હતા.

સીએ બનવા માટે ની યાત્રા ખુબજ રોચક પણ રહી તેમ કહી શકાય કેમ કે વર્ષ ૨૦૦૯ થી શરૂ કરી ૨૦૨૩ માં સીએ પાસ કર્યું, આ પહેલા ઘણા પ્રયત્નોમાં નાપાસ પણ થયા અને ઘરની પરિસ્થિતિ પ્રમાણે વર્ષ ૨૦૧૭ બાદ સીએ છોડવું પડયું હતું, વર્ષ ૨૦૨૧ બાદ ફરી સીએ બનવા માટે મહેનત શરૂ કરી અને કહેવાય છે ને કે, **"લહેરો સે ડરકર નૌકા પાર નહિ હોતી, કોશિશ કરને વાલો કી કભી હાર નહિ હોતી"** એમ આખરે તેઓ સીએ બની જ ગયા.

સીએ બનવાની આ સંપૂર્ણ સફરમાં તેમના જીવનમાં અનેક ચડાવ ઉતાર આવ્યા છે, પિતાની સંઘર્ષમય મહેનત, માતાના સતત અનુકંપા ભર્યા આશીર્વાદ સાથે ખુબજ વસમી કહી શકાય તેવી માતાની વિદાય, બહેનનો નિઃસ્વાર્થ ભાવે પ્રેમ, હંમેશા સાથ સહકાર અને વધુ માં જણાવે છે કે એમના બહેન પારુલબેનએ ક્યારેય માતાની ગેરહાજરી અનુભવા દીધી નથી, સાથે આ સફરમાં વર્ષ ૨૦૧૬ માં તેમના લગ્ન ભારતીબેન ભગવાનભાઈ સેંતા સાથે થયા. તેમના પત્ની તરીકે તેમણે હંમેશા સાથ આપીને સપોર્ટ કર્યો અને સીએ બનવાના સપનાને સાકાર કરવામાં મદદ કરી છે. રવિભાઈના માતાની ઓચિંતી વિદાયની સાથે તેમણે ઘરની સંપૂર્ણ જવાબદારી સંભાળી રવિભાઈને મદદ તો કરીજ છે પરંતુ સાથે સાથે પ્રોત્સાહિત કરતા રહ્યા અને જેથી કરીને આ ખુબજ કષ્ટદાયક સફર આસાન બની અને છેવટે એક નવી ઓળખ સાથે સમસ્ત ખરક સમાજ સામે રજુ થયા છે અને એ ઓળખાય છે સીએ રવિ રમેશચંદ્ર ખીમાણી


## જયભાઈ પાંચાભાઈ સેંતા
## (અચિવર્સ એકેડમી - મહુવા)